


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 357
Dt.: 07-09-2025, Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### આ દુર્ઘટના રોપ-વેનો તાર તૂટી જવાને કારણે સર્જાઈ હતી

# પાવાગઢમાં અચાનક રોપ-વે તૂટતા ૬ લોકો કાળનો કોળિયો બન્યા

### અહીં ચાલી રહેલા બાંધકામના માલસામાનને લઈ જવા માટે ઉપયોગમાં લેવાતો માલવાહક રોપ-વેનો તાર તૂટી પડતા કમકમાટીભરી ઘટના બની

(સંપૂર્ણ સમાચાર સેવા)પાવાગઢ

પંચમહાલના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે એક અત્યંત કરુણ દુર્ઘટના બની છે. અહીં ચાલી રહેલા બાંધકામના માલસામાનને લઈ જવા માટે ઉપયોગમાં લેવાતો માલવાહક રોપ-વેનો તાર તૂટી પડતા ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે.

મૃતકોમાં બે લિફ્ટ ઓપરેટર અને બે શ્રમિકો સહિત અન્ય બે વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ ઘટનાને પગલે ભારે પવનના કારણે શ્રદ્ધાળુઓ માટેનો પેસેન્જર રોપ-વે પણ સુરક્ષાના કારણોસર બંધ કરી દેવામાં આવ્યો છે.

પંચમહાલના પાવાગઢમાં આવેલા પ્રસિદ્ધ શક્તિપીઠમાં આજે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે, જ્યાં બાંધકામની સામગ્રી પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતો ગુડ્સ રોપ-વે તૂટી પડ્યો છે. આ દુર્ઘટનામાં કુલ ૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુર્ઘટના રોપ-વેનો તાર તૂટી જવાને કારણે સર્જાઈ છે. આ દુર્ઘટનાનો ભોગ બનેલાઓમાં ૨ લિફ્ટ ઓપરેટર, ૨ શ્રમિકો અને અન્ય ૨ વ્યક્તિઓ સામેલ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે પણ આ ઘટનામાં ૬ લોકોના મોતની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે આગળની તપાસ ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે પાવાગઢના માંચીથી મહાકાળી મંદિર સુધી શ્રદ્ધાળુઓને લાવવા-લઈ જવા માટેનો પેસેન્જર રોપ-વે અલગ છે. આજે અચાનક હવામાનમાં આવેલા ફેરફાર અને ભારે પવનને કારણે આ રોપ-વે પણ શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બંધ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સ્પષ્ટ સૂચના ન મળે ત્યાં સુધી પેસેન્જર રોપ-વે બંધ રહેશે.

આ ઘટના બાદ, હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

આ દુર્ઘટનાએ પાવાગઢના વિકાસકાર્ય અને સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. તંત્ર દ્વારા હાલ પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે અને ભવિષ્યમાં આવા અકસ્માતો ન બને તે માટે તપાસ હાથ ધરવામાં આવી છે.



### દિલ્હી પોલીસ દોડતી થઈ

## ઐતિહાસિક લાલ કિલ્લામાંથી સોના-હીરા જડિત કળશ ચોરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના લાલ કિલ્લા પરિસરમાં બુધવારે (ત્રીજી સપ્ટેમ્બર) આયોજિત ધાર્મિક સમારોહમાંથી લગભગ ૧ કરોડ રૂપિયાની કિંમતનું સોના અને હીરા જડિત કળશ ચોરાઈ ગયું હતું.

આ ઘટનાથી ત્યાં હાજર લોકોમાં ચકચાર મચી ગયો હતો. પીડિત ઉદ્યોગપતિ સુધીર જૈને કોતવાલી પોલીસ સ્ટેશનમમાં આ અંગે ફરિયાદ દાખલ કરાવી છે. ફરિયાદના આધારે પોલીસે શંકાસ્પદની ઓળખ કરી લીધી છે અને જલ્દી જ તેને ઝડપી લેવાની વાત કહી હતી. મળતી માહિતી મુજબ, લાલ કિલ્લા પરિસરમાં ૧૫ ઓગસ્ટ પાર્કમાં ૨૮ ઓગસ્ટથી જૈન ધર્મ સાથે સંબંધિત ધાર્મિક વિધિ ચાલી રહી છે, જે ૯ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. આ માટે એક ખાસ સ્ટેજ તૈયાર કરવામાં આવ્યો હતો, જ્યાં ફક્ત ધોતી-કુર્તા પહેરેલા અને પરવાનગી ધરાવતા લોકોને જ બેસવાની મંજૂરી હતી. સિવિલ લાઈન્સના રહેવાસી ઉદ્યોગપતિ સુધીર જૈન દરરોજ પૂજા માટે પોતાના ઘરેથી એક કિંમતી કળશ લાવતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ કળશ ૭૬૦ ગ્રામ સોનાથી બનેલું છે અને ૧૫૦ ગ્રામ હીરા, માણેક અને નીલમણિથી શણગારેલું છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે પણ સુધીર જૈન પૂજા માટે કળશ લઈને પહોંચ્યા હતા. કળશને પૂજા સ્થળ પર મૂકવામાં આવ્યું હતું અને ભક્તો તેની આસપાસ બેઠા હતા. આ દરમિયાન, પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા પણ ધાર્મિક વિધિમાં ભાગ લેવા પહોંચ્યા હતા. કાર્યક્રમના આયોજકો અને અન્ય લોકો તેમનું સ્વાગત કરવામાં વ્યસ્ત થઈ ગયા.

આ દરમિયાન, સ્ટેજ પર હાજર લોકોનું ધ્યાન કળશ પરથી હટ્યું. થોડા સમય પછી, જ્યારે કળશ તરફ લોકોનું ધ્યાન ગયું તો તે ત્યાં હાજર ન હતું. શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે તે ક્યાંક દફનાવવામાં આવ્યું હશે, પરંતુ ઓમ બિરલા ગયા પછી જ્યારે શોધ શરૂ થઈ, ત્યારે ખબર પડી કે કળશ ચોરાઈ ગયું છે.

કોતવાલી પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. તપાસમાં જાણવા મળ્યું કે, એક શંકાસ્પદ વ્યક્તિ ઘણા દિવસોથી ધોતી-કુર્તા પહેરીને સ્થળ પર ફરતો હતો. તે આયોજકો અને ભક્તો સાથે ભળી ગયો અને પરિસ્થિતિનો લાભ લઈને સ્ટેજ પર પહોંચ્યો.

ઓમ બિરલાના આગમનના સમાચાર મળતાં જ અફરા-તફરી થઈ ગઈ હતી અને ભીડ પાછી ફરે તે પહેલાં તેણે કળશ છુપાવી દીધું અને ભાગી ગયો. પોલીસને ઘટના સ્થળના કેટલાક સીસીટીવી ફૂટેજ મળ્યા છે, જેમાં શંકાસ્પદ વ્યક્તિની ગતિવિધિઓ રેકોર્ડ કરવામાં આવી છે.

### ટ્રમ્પને જ ભારે પડી ટેરિફ સહિતની નીતિ, વધારી મુશ્કેલી

## વીજળીની કિંમતો આસમાનેઃ ટ્રમ્પના કારણે અમેરિકાની અધોગતિ, બેરોજગારી-મોંઘવારીમાં વધારો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ફરી સત્તામાં આવ્યાના માત્ર સાત મહિનામાં જ અમેરિકનો ભયાનક સંકટનો સામનો કરી રહ્યા હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. અહીં ટ્રમ્પની સત્તામાં એન્ટ્રી થતાં અને ટેરિફના કારણે અમેરિકનો માઠી દશાનો સામનો કરી રહ્યા છે. રિપોર્ટ મુજબ ટ્રમ્પ નીતિઓના કારણે 'જોબ માર્કેટ' કડડભૂસ થઈ ગયું છે. એટલું જ નહીં, બેરોજગારી, મોંઘવારી અને વીજળી સહિતની કિંમતો આસામાને પહોંચી ગઈ છે. ટ્રમ્પ નીતિના કારણે અમેરિકામાં નવી નોકરીઓનું સર્જન લગભગ અટકી ગયું છે અને મોંઘવારી આસમાને પહોંચી ગઈ છે. શુક્રવારે જાહેર થયેલા ઑગસ્ટ મહિનાના જોબ્સ રિપોર્ટ મુજબ, માત્ર ૨૨૦૦૦ નવી નોકરીઓનું સર્જન થયું, જે અપેક્ષા કરતાં ખૂબ ઓછું છે. આ ઉપરાંત બેરોજગારીનો દર છેલ્લા ચાર વર્ષમાં સૌથી વધુ ૪.૩ ટકા પર પહોંચ્યો છે. આ ડેટા ટ્રમ્પે અનેક દેશો પર ટેરિફ લાદવાની નીતિ અપનાવ્યા બાદ સામે આવ્યા છે. રિપોર્ટ મુજબ, ડિસેમ્બર ૨૦૨૦ બાદ પહેલીવાર એવું થયું છે કે, જૂન મહિનામાં અમેરિકામાંથી ૧૩૦૦૦ નોકરીઓ ઘટી ગઈ છે. ફેક્ટરીઓ અને બાંધકામ ક્ષેત્રમાં નોકરીઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એપ્રિલમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ટેરિફ પોલિસીના કારણે નોકરીઓ અને ફેક્ટરીઓમાં વધારો થશે, જોકે ત્યારથી મેન્યુફેક્ચરિંગમાં ૪૨૦૦૦ અને બાંધકામ સેક્ટરમાં ૮૦૦૦ નોકરીઓ જતી રહી છે. ૨૦૨૪માં ટ્રમ્પે અર્થતંત્રને ઊંચાઈ પર લઈ જવાનું પણ વચન આપ્યું હતું, જોકે અર્થતંત્ર ધીમું પડી રહ્યું છે. ટ્રમ્પે સત્તા સંભાળી હતી, ત્યારે તેમણે પહેલા જ દિવસે વચન આપ્યું હતું કે, મોંઘવારી ખતમ કરવા અને વીજળીના ભાવ અડધા કરીશું. જોકે, એપ્રિલમાં ૨.૩ ટકાનો વાર્ષિક મોંઘવારી દર જુલાઈમાં વધીને ૨.૭ ટકા પર પહોંચી ગયો છે. આ વર્ષે વીજળીના ભાવમાં પણ ૪.૬ ટકાનો વધારો થયો છે. ટ્રમ્પની ટેરિફ પોલિસીના કારણે અનેક કંપનીઓ કિંમતો વધારવા મજબૂર થઈ છે. બીજીતરફ ટ્રમ્પનું વલણ 'ઉલટા ચોર કોટવાલને દંડે' જેવું છે. તેમણે ખરાબ આર્થિક ડેટાઓ માટે ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલને જવાબદાર ઠેરવ્યા અને કહ્યું કે, જો વ્યાજ દરો ઘટાડવામાં આવ્યા હોત, તો નોકરીઓ વધી હોત. ટ્રમ્પે ૨૦૨૪માં કહ્યું હતું કે, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાથી બ્લેક જોબ્સ સુરક્ષિત થશે, પરંતુ તેમાં બેરોજગારી દર વધીને ૭.૫ ટકાએ પહોંચ્યો છે અને આ આંકડો ઑક્ટોબર-૨૦૨૧ પછી સૌથી વધુ છે. તદ્દન નબળા જોબ્સ રિપોર્ટ બાદ ટ્રમ્પે બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સ (BLS)ના કમિશ્નર એરિકાના મેકએન્ટારફરને પદ પરથી હટાવી દીધા હતા. તેમણે કોઈ પણ પુરાવા વગર દાવો કર્યો હતો કે આંકડાઓ સાથે ચેડાં કરવામાં આવ્યા છે.

### ઉ.ભારતના આ રાજ્યો સામે સંકટ!

## ગ્લેશિયર પીગળતાં અરુણાચલ પ્રદેશમાં ભયાનક પૂરની આશંકા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈટાનગર

અરુણાચલ પ્રદેશમાં ગ્લેશિયરના ઝડપી પીગળવાને કારણે રાજ્ય પર ગંભીર ખતરો ઊભો થયો છે. ગ્લેશિયર પીગળવાથી તળાવોમાં પાણીનું સ્તર વધી રહ્યું છે, જે ભવિષ્યમાં તળાવ ફાટવા અથવા પૂર જેવી પરિસ્થિતિ સર્જી શકે છે અને મોટા પાયે વિનાશ નોતરી શકે છે. સેન્ટર ફોર અર્થ સાયન્સ એન્ડ હિમાલય સ્ટડીઝ (CES&HS) દ્વારા તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટમાં આ ખુલાસો થયો છે કે પૂર્વ હિમાલયના કેટલાક ગ્લેશિયર દર વર્ષે ૧.૫ મીટરની ઝડપે પીગળી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી, સેન્ટર ફોર અર્થ સાયન્સ એન્ડ હિમાલય સ્ટડીઝ તવાંગના ગોરીચેન પર્વત પરના ખાંગરી ગ્લેશિયર પર નજર રાખી રહ્યું છે. એક સેટેલાઈટ સર્વેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે ૨૦૧૬થી ૨૦૨૫ દરમિયાન આ વિસ્તારના તળાવોનું કદ ઝડપથી વધ્યું છે. આ તળાવો ફાટવાથી અરુણાચલના ઘણા વિસ્તારોમાં અચાનક પૂરનું જોખમ વધી ગયું છે. ૩ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ દક્ષિણ લ્હોનાક તળાવમાં ગ્લેશિયરનો મોટો હિસ્સો પડ્યો હતો, જેના કારણે ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ આવ્યું હતું. તેની અસર ૩૮૫ કિલોમીટર સુધી તિસ્તા નદીથી થઈને બાંગ્લાદેશ સુધી થઈ હતી. આ આફતમાં સિક્કિમમાં ૫૫ લોકોના મૃત્યુ થયા હતા અને ૭૪ લોકો લાપતા થયા હતા. ગોરીચેન પર્વત વિસ્તારમાં આવેલું રાણી તળાવ ગ્લેશિયર પીગળવાની સૌથી વધુ અસર હેઠળ છે. જો આ તળાવ ફાટે તો અરુણાચલ સહિત સિક્કિમમાં ફરીથી ફ્લેશ ફ્લડ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.સેન્ટ્રલ વોટર કમિશનના રિપોર્ટ અનુસાર, દેશમાં ૪૦૦થી વધુ ગ્લેશિયર તળાવો ખતરામાં છે કારણ કે તેમનું કદ ઝડપથી વધી રહ્યું છે. આ જોખમને ધ્યાનમાં રાખીને, CWC દ્વારા લદ્દાખ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં આવેલા ૪૩૨ ગ્લેશિયર તળાવો પર સતત નજર રાખવામાં આવી રહી છે.

### GST ટેક્સ સ્લેબમાં કરવામાં ઘટાડાને સર્વત્ર આવકાર

## હવે ટુ-વ્હિલર પર ૧૫ હજાર અને ફોર વ્હિલર કાર પર ૩ લાખ રૂપિયા સુધીનો ફાયદો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

કેન્દ્ર સરકાર દ્વારા GST ટેક્સ સ્લેબમાં કરવામાં ઘટાડાને સર્વત્ર આવકાર મળી રહ્યોં છે. ત્યારે આ નવા GST સ્લેબને કારણે ઑટો ઈન્ડસ્ટ્રીઝપર શું અસર થશે તે અંગેની માહિતી હાલ ગુજરાત ઑટો ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ પ્રણવ શાહે જણાવી છે. તેઓના મતે આ નવા GST સ્લેબને કારણે હવે ટુ વ્હીલર ખરીદનારને ૧૫૦૦૦ રૂપિયા સુધીનો, જ્યારે ફોર વ્હીલર કારમાં ૩ લાખ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળશે. જેથી હવે આગામી સમય ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીઝ માટે અચ્છે દિન જેવો સાબિત થશે. આ અંગે વધુ માહિતી આપતા પ્રણવ શાહે જણાવ્યું કે, ગુજરાત રાજ્યમાં દર મહિને સરેરાશ રુ. ૧ લાખથી વધારે ટુ-વ્હીલર અને ૩૦ હજારથી વધારે ફોર વ્હીલરનું વેચાણ થાય છે. તેમાં પણ જો કોઈ તહેવાર હોય, ત્યારે વેચાણમાં ૧૫થી ૨૦ ટકાનો વધારો જોવા મળતો હોય છે. માટે સામાન્ય રીતે તહેવારો આવે એટલે ઓટો ઈન્ડસ્ટ્રીઝ માટે પણ એક આસાનું કિરણ લઈને આવતું હોય છે, પરંતુ ઓગસ્ટ મહિનો તહેવારોથી ભરપૂર ગયો હોવા છતાં ઓટો ઈન્ડસ્ટ્રીને ફળ્યો નથી. કારણ કે GST ઘટાડાની અસમંજસતાને લઈને ટુ વ્હીલરમાં ૧૦ ટકા, જ્યારે ફોર વ્હીલરના વેચાણમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો.વધુમાં તેઓએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ૧૫મી ઓગસ્ટે અને ત્યાર બાદ ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં GST ઘટાડાના સંકેતો આપ્યા હતા. જેના કારણે લોકોએ પોતાનું નવું વાહન હવે નવા ભાવમાં જ ખરીદવા માટે મન બનાવ્યું હતું. જોકે GSTમાં ઘટાડાની જાહેરતા થતા આ લોકોએ હાલ પોતાની ખરીદી પર બ્રેક મારીને છે અને નવા જીએસટી સ્લેબ લાગુ થયા બાદ પોતાનું નવું વાહન લેવાનું મન બનાવ્યું છે કારણ કે હવે નવા સ્લેબ મુજબ ખરીદદારોને ટુ વ્હીલરમાં અને ફોર વ્હીલરમાં મોટો ફાયદો મળી શકે. ખાસ ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં આમ જનતાને થનાર ફાયદા અંગે ગુજરાત ઑટો ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ પ્રણવ શાહે જણાવ્યું કે, હાલ નવા GST સ્લેબ લાગુ થયા બાદ ટુ વ્હીલર ખરીદનારને ૭૦૦૦ રૂપિયાથી લઈને ૧૫૦૦૦ રૂપિયા સુધીનો, જ્યારે ફોર વ્હિલર કારમાં ૬૦ હજાર રૂપિયાથી લઈને ૩ લાખ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળશે. એનો સીધો ફાયદો ગ્રાહકોને થવાનો છે.

## PM મોદી અને ફ્રાંસના પ્રમુખ મેક્રોનની ટેલિફોનિક વાતચીત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે (૬ સપ્ટેમ્બર) ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. બંને નેતાઓએ ભારત-ફ્રાન્સ વચ્ચેના દ્વિપક્ષીય ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાના પ્રયાસો અંગે પણ ચર્ચા કરી હતી.વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, 'રાષ્ટ્રપતિ મેક્રોં સાથે ખૂબ જ સારી વાતચીત થઈ. અમે વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા અને સકારાત્મક મૂલ્યાંકન કર્યું હતું. અમે યુક્રેનમાં સંઘર્ષને વહેલી તકે સમાપ્ત કરવાના પ્રયાસો સહિત આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. પીએમ મોદી અને મેક્રોન વચ્ચે ટેલિફોનિક વાતચીત થયાના બે દિવસ પહેલા તેમની અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયેન વચ્ચે પણ વાતચીત થઈ હતી. વૉન ડેર લેયેને કહ્યું હતું કે, ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેનના યુદ્ધને સમાપ્ત કરાવવામાં ભારતની મહત્વની ભૂમિકા છે.




# તંત્રી લેખ......

## ડોનાલ્ડ ટ્રમ્પનો પસ્તાવો કે મગરનાં આંસુ ?

અમેરિકાએ ભારત પર ટેરિફનું શસ્ત્ર વીંઝ્યા બાદની પ્રતિક્રિયા લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પને વિચલિત કરી રહી છે. ૫૦ ટકા જેટલો આકરો કર ભારતના વેપાર-ઉદ્યોગ જગત માટે મહામુશ્કેલ હોવાનો જ, પરંતુ ભારતે ડરીને બેસી રહેવાને બદલે રસ્તો શોધવાના પ્રયાસ હાથ ધર્યા. કેન્દ્ર સરકારે જીએસટીમાં જંગી રાહત આપતાં તહેવારોમાં ભારતની ઘરેલુ બજારમાં તેજીનો ઉજ્જવળ પ્રકાશ રેલાશે એ નક્કી છે. બીજી તરફ ચીન અને રશિયા સાથે મૈત્રીનો નાતો મજબૂત કરીને ભારતે વિશ્વને સંકેત આપી દીધો છે. એક અણધારી પ્રતિક્રિયામાં અમેરિકી રાષ્ટ્રપતિએ શાંઘાઇ સહયોગ સંગઠન (એસસીઓ) શિખર સંમેલનની નોંધ લેતાં સોશિયલ મીડિયામાં લખ્યું કે... લાગે છે કે, અમે ભારત અને રૂસને સૌથી ઊંડા અને અંધકારભર્યા ચીનના હાથોમાં ગુમાવી દીધા છે. ઈશ્વર કરે એમનું ભવિષ્ય લાંબુ અને સમૃદ્ધ રહે... ટ્રમ્પનો ચીન પ્રત્યેનો રોષ સમજી શકાય. વળી ભારતમાં પણ રાજદ્વારી નિષ્ણાતો ડ્રેગન પર ભરોસો કેટલો કરવો એ મુદ્દે અવઢવમાં છે, કેન્દ્ર સરકારે ટ્રમ્પનાં શનિવારના બયાન વિશે કોઇ પ્રતિક્રિયા નથી આપી, પણ વૈશ્વિક સ્તરે તેની વ્યાપક નોંધ લેવાઇ રહી છે. ટ્રમ્પે ચીન તરફ નફરતભર્યું તીર છોડયું છે અને ભારત-રૂસને પણ એ તરફ ધકેલી દઈને પોતા માટે સહજતા ઊભી કરવાનો પ્રયાસ કર્યો હોવાનું સમજાય છે. અહીં એ નોંધનીય છે કે, ટેરિફ મામલે ટ્રમ્પ કાનૂની દબાણનો સામનો કરી રહ્યા છે. અદાલતે ઝાટકણી કાઢ્યા બાદ ટ્રમ્પે પોતાનાં નિવેદનમાં ભારત પર લદાયેલા કરને યોગ્ય ઠેરવતાં કહ્યું હતું કે, ભારત એક મોટું અર્થતંત્ર છે અને તેની સાથે વેપાર સમતુલા જાળવી રાખવા માટે ટેરિફ આવશ્યક છે. ભારત પોતાના રસ્તે (રૂસ-ચીન) આગળ ધપી રહ્યું છે, ત્યારે કોઇ નાટકીય ઘટનાક્રમ ન રચાય તો અમેરિકા સાથેના વેપાર સંબંધો સુધરવાની સંભાવના હાલ ઘડીએ દેખાતી નથી. આપણે પોતાનો રસ્તો જાતે શોધવાનો છે. નવી દિલહીએ ૪૦ દેશ સાથે વેપાર સંબંધ વધારવા સંવાદ શરૂ કર્યો છે. ચીન અને રૂસ સાથે મહત્ત્વની ચર્ચા થઇ તે પહેલાં ભારત અને જાપાને આગામી દસ વર્ષ દરમ્યાન નવી ભાગીદારી માટેની રૂપરેખા તૈયાર કરી છે. બન્ને દેશ સંરક્ષણ, સ્વચ્છ ઊર્જા, ઔષધિ, આર્થિક સલામતી, કિંમતી ખનિજ, સંદેશા વ્યવહાર સહિતનાં ક્ષેત્રોમાં સહયોગ વધારશે. આ માટે સંખ્યાબંધ કરાર થયા છે, જેના દ્વારા દ્વિપક્ષીય વેપારની સાથોસાથ વૈશ્વિક અર્થતંત્રને પણ ફાયદો થશે. અમેરિકાની નવી ટેરિફનીતિની અસર જાપાન પણ અનુભવી રહ્યંઅ છે. હવે ભારતની સાથે મળીને તેણે આ કટોકટીનો ઉકેલ આણવા સંબંધોને વધુ ગાઢ બનાવવા કમર કસી છે. અલગ-અલગ કરાર હેઠળ જાપાન આગામી દસ વર્ષ દરમ્યાન ભારતમાં દસ હજાર અબજ યેન એટલે કે, લગભગ ૬૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આની સાથોસાથ બન્ને દેશોએ એકમેકના તાલીમબદ્ધ કામદારોને આવવા-જવા અને કામ કરવાની છૂટ આપવાની યોજના પણ બનાવી છે. આ યોજના તળે પાંચ લાખ તાલીમબદ્ધ ભારતીય કામદારો માટે જાપાન જવાની તક ઊભી થશે. અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે પણ બન્ને દેશ વચ્ચે કરાર થયા છે. આમા ઈસરો અને જાપાનની એરોસ્પેસ એપ્લિકેશન એજન્સી વચ્ચે ચંદ્ર પર સંયુક્ત મિશન મોકલાવાના સહયોગનો સમાવેશ થાય છે. બન્ને દેશ વચ્ચે વધી રહેલા આ સહયોગથી જાપાની ટેક્નોલોજી અને ભારતીય પ્રતિભાના સમન્વયનો દુનિયાને ફાયદો મળશે. જાપાન અને ભારતે જળવાયુ સંરક્ષણ માટે કાર્બન ક્રેડિટના વેચાણ માટે પણ કરાર કર્યા છે. ભારતે જાપાન સાથે આર્થિક સહયોગ વધારવા જે રીતે કરારો કર્યા છે તેનાથી બન્ને દેશને અમેરિકાના ટેરિફનાં દબાણને હળવું કરવામાં મદદ મળશે. ભારતે આ રીતે બીજા દેશોની સાથે સહયોગ વધારવા સંવાદને નિર્ણાયક સ્તરે પહોંચાડવાં પગલાંને વધુ ઘનિષ્ઠ બનાવવાની તાતી જરૂરત છે. આજે ભારતીય અર્થતંત્ર તેના વિકાસ અને મજબૂતી માટે વિશ્વમાં નામના ધરાવે છે. સંખ્યાબંધ દેશો ભારત સાથે વેપાર વધારવા ઉત્સુક છે. આવા સંજોગોમાં દુનિયાના અન્ય દેશોની સાથેના વેપારને વધારીને ભારત અમેરિકાના ટેરિફનાં દબાણની અસર હળવી કરવામાં સફળતા મેળવી શકશે એમાં કોઈ શંકા જણાતી નથી.

# વિક્લી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૪૩૧૭ અને ચાંદીના વાયદામાં રૂ.૫૨૭૬નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

### એલચીના વાયદામાં સેંકડા વધ્યાઃ મેન્થા તેલમાં સુધારોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૮ ઢીલોઃ નેચરલ ગેસમાં વૃદ્ધિઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૫૫૧૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૦૮૪૫૧૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૦૦૬૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૪૯૧૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૯ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૩૨૦૦૫૮.૨૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૫૫૧૯.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૦૮૪૫૧૨.૭૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૯૧૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૦૨૭.૦૭ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૦૦૬૮.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૨૧૪૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૭૨૨૬ અને નીચામાં રૂ.૧૦૨૦૬૯ના મથાળે અથડાઈ, રૂ.૧૦૨૧૦૦ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૩૧૭ના ઉછાળા સાથે રૂ.૧૦૬૪૧૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૩૬૦૫ ઊછળી રૂ.૮૫૪૪૨ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૪૮ની તેજી સાથે સપ્તાહના અંતે રૂ.૧૦૬૮૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૦૦ વધી રૂ.૧૦૬૩૧૦ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૨૦૭૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૭૨૫૦ અને નીચામાં રૂ.૧૦૨૦૬૯ના મથાળે અથડાઈ, રૂ.૧૦૨૦૭૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૩૪૯ના ઉછાળા સાથે રૂ.૧૦૬૪૨૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૧૮૩૧૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૨૬૩૦૦ અને નીચામાં રૂ.૧૧૮૨૬૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૮૬૪૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૫૨૭૬ના ઉછાળા સાથે રૂ.૧૨૩૯૨૦ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૫૩૧૪ વધી રૂ.૧૨૩૭૯૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૫૩૧૧ વધી સપ્તાહના અંતે રૂ.૧૨૩૭૮૭ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૯૨૬૩.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૮.૫ વધી રૂ.૮૯૯.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૬.૧ વધી સપ્તાહના અંતે રૂ.૨૭૩.૩ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૪૫ પૈસા વધી સપ્તાહના અંતે રૂ.૨૫૩.૩૫ના ભાવે બોલાયો હતો. સીસું સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે ૭૫ પૈસા વધી રૂ.૧૮૧.૪ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૬૧૩૫.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૩૨૫ અને નીચામાં રૂ.૩૩૧૯ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૫૮૧ના ભાવઘટાડા સાથે રૂ.૩૬૯૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૬૨૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮૨૫ અને નીચામાં રૂ.૫૫૪૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૧૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮ ઘટી રૂ.૫૬૧૧ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬ ઘટી રૂ.૫૬૧૨ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૧ વધી સપ્તાહના અંતે રૂ.૨૭૨.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૧૧ વધી રૂ.૨૭૨.૪ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૬૮.૮ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૪.૮ વધી રૂ.૯૯૩.૨ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૬૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૧૮ના ઉછાળા સાથે રૂ.૨૫૬૧ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૩૦૬૩.૩૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૭૭૦૦૫.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૫૮૨૮.૯૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૯૯૮.૩૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૮.૦૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૨૮૭.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૪૭૬.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૬૩૮.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૯૦૨૦.૫૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૪૨.૭૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૮.૪૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૮૦૭૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૮૨૨૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૯૪૨૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૬૮૫૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૯૬૪૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૬૮૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૧૭૭૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૪૪૮૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૫૮૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧૧૧૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧૯૨૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૨૩૮૨૪ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૫૦૮૮ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૭૭૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૧૧૧૯ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪૯૧૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

# આજે યોજાનાર ડીવાયએસઓ, નાયબ મામલતદારની પ્રિલિમ પરીક્ષામાં ડીઝીટલ વોચ પહેરવાની મનાઈ

### પરીક્ષા સંદર્ભમાં સાબરકાંઠા જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયાઃ હિંમતનગર નગરપાલિકા દ્વારા પરીક્ષાર્થીઓને આવવા-જવા માટે સીટી બસની વ્યવસ્થા કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદાર વર્ગ ૩ સંવર્ગની પ્રિલિમીનરી પરીક્ષા સવારે ૧૧ થી ૧ દરમિયાન લેવાનાર છે, જિલ્લાની ભૌગોલિક પરીસ્થિતિને ધ્યાને લેતા જિલ્લાની વિવિધ શાળાઓ / કોલેજો ખાતે લેવાશે, પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, વિશ્વસનિયતાની વાતાવરણ સર્જાય, કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને પરીક્ષાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુસર જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળોએ ભારતીય નાગરીક સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધિત હુકમો ફરમાવ્યા છે.

આ જાહેરનામાનો અમલ આજે રવિવારના રોજ સવારે ૯ થી બપોરે ૨ કલાક દરમિયાન રહેશે, આ જાહેરનામાની ચુસ્ત અમલવારી કરવાની રહેશે. જિલ્લાના જુદા જુદા તમામ જે કેન્દ્રોમાં પરીક્ષા યોજાનાર છે તે પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોન, પેજર, સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, કેલ્કયુલેટર , સ્માર્ટ વોચ, ટેબલેટ, સ્માર્ટ પેન કે અન્ય કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીક ગેજેટસ અને અનઅધિકૃત લેખત



સામગ્રી સાથે લઈ જઈ શકશે નહી કે સાથે રાખી શકશે નહી, અથવા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ છે.

પરીક્ષા સમય દરમિયાન પરીક્ષાના કેન્દ્રોના વિસ્તારમાં ૪ કે તેથી વધુ માણસોએ ભેગા થવુ નહી, સુત્રો પોકારવા નહી, સરઘસ અથવા રેલી કાઢવી નહી, પથ્થર કે અન્ય પદાર્થ લઈ જવા નહી, તથા પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયા માં ઝેરોક્ષ મશીન કે અન્ય કોપીયર મશીન ચાલુ રાખવા નહી. પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં પરીક્ષા સમય દરમિયાન પરીક્ષાર્થીઓને ખલેલ પહોચે તે રીતે માઈક / મ્યુઝીક /લાઉડ સ્પીકર વગાડી શકશે નહી, તથા આ સમય દરમિયાન સક્ષમ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પરમીશનો આપોઆપ રદ ગણાશે.

પોલીસ અધિકારી / કર્મચારીના સગા અથવા સંતાનો તેઓને સોંપાયેલ પેટા કેન્દ્ર ખાતે ઉપસ્થિત થયેલ હોય તો તે સ્થળે તેઓ બંદોબસ્તની ફરજ બજાવી શકશે નહી, પોલીસ કર્મચારીઓ કોઈ અઘટીત ઘટના બને તે સિવાય પરીક્ષા કેન્દ્રના મકાનની અંદર જઈ શકાશે નહી, પરીક્ષા કેન્દ્રોના કેમ્પસની અંદર પરીક્ષાની કામગીરી માટે નિમાયેલ અધિકૃત સ્ટાફ તથા પરીક્ષાર્થીઓ સિવાય અન્ય અધિકૃત વ્યકિતઓ માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

અપવાદરૂપે પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ અધિકારીઓ તેમના માન્ય અધિકૃત મોબાઈલ ફોન પરીક્ષા કેન્દ્રોમાં લઈ જઈ શકશે. પરંતુ આવો મોબાઈલ ફોન પરીક્ષાખંડ ની અંદર કે પરીક્ષા ખંડની બહારની લોબીમાં લઈ જઈ શકશે નહી, તે તેનો ઉપયોગ કરી શકશે નહી, પરીક્ષા સાથે જે તે સંકુલમાં અન્ય સંસ્થા દ્વારા લેવાનાર પરીક્ષામાં નિમણુંક કરવામાં આવેલ સ્ટાફને તેઓના આઈડી કાર્ડ, નિમણુંક ઓર્ડર બતાવવાના રહેશે. આકસ્મિક કામગીરી તથા આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ અન્ય અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા પરીક્ષા કેન્દ્રના સંકુલમાં પ્રવેશવા માટે સક્ષમ ઓથોરીટીની મંજુરી મેળવવાની રહેશે. આ હુકમનુ ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય નાગરીક સંહિતાની કલમ ૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. તો બીજી તરફ સાબરકાંઠા જિલ્લા કલેકટર દ્વારા પરીક્ષાર્થીઓ માટે ચોમાસાની સિઝનને લઈને સીટી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સીટી બસો બસસ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન સહિતના પોઈન્ટ ઉપર પરીક્ષાર્થીઓને લેવા અને મુકવા માટે નગરપાલિકા દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

### લક્ષ્યાંક પૂર્ણ થાય ત્યાં સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવાની સમય મર્યાદા વધારાઈ

# છેલ્લા પાંચ વર્ષમાં વિકસતી જાતિના ૭૩ હજારથી વધુ નાગરીકોનું પોતાના 'ઘરના ઘર'નું સ્વપ્ન થયું સાકાર

### પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના થકી વિકસતી જાતિના નાગરીકોનું સ્વપ્ન બની રહી છે હકીકત

સર્વોદયના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ **(SEBC)**, આર્થિક પછાત વર્ગ અને વિચરતી વિમુક્ત જાતિના નાગરીકોના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના આ દિશામાં એક મહત્વની યોજના સાબિત થઈ રહી છે. આ યોજના હેઠળ વિકસતી જાતિના નાગરીકોને મકાન બાંધકામ માટે સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં વિકસતી જાતિના ૭૩,૪૬૯ નાગરીકોને પોતાના 'ઘરના ઘર'નું સ્વપ્ન સાકાર થયું છે. આ યોજનાનો લાભ મેળવવા માટે લક્ષ્યાંક સામે અરજીઓ મળે ત્યાં સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવાની સમય મર્યાદામાં વધારવામાં આવી છે.

આ યોજના હેઠળ લાભાર્થીને આવાસ બાંધકામ માટે રૂ.૧.૭૦ લાખની સહાય આપવામાં આવે છે. જેમાં મકાન બાંધવાની નાણાંકીય સહાય ચાર હપ્તામાં ચુકવાય છે. પ્રથમ હપ્તા પેટે રૂ. ૩૦,૦૦૦, બીજા હપ્તા પેટે રૂ. ૮૦,૦૦૦, ત્રીજા હપ્તા પેટે રૂ.૫૦,૦૦૦ જ્યારે ચોથા હપ્તા પેટે આવાસનું બાંધકામ પુર્ણ થયેથી રૂ.૧૦,૦૦૦ આપવામાં આવે છે. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતાં નાગરીકોને સહાય તેમના બેંક એકાઉન્ટમાં સીધા **DBT** મારફતે ચૂકવવામાં આવે છે.

સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા અમલી પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક નાગરીકો ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરી શકે છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને આર્થિક સહાય, બેંક લોન તથા સબસિડીની સુવિધાઓ આપવામાં આવે છે. તેમના મકાનમાં વીજળી, પાણી, શૌચાલય જેવી મૂળભૂત જરૂરિયાતો પણ આપવામાં આવે છે. આ યોજના હેઠળ અરજીઓ મંગાવવાની સમય મર્યાદામાં વધારો કરાયો છે તેમાં **SEBC** વર્ગના ભરૂચ, સુરત, વલસાડ, ગાંધીનગર સહિત કુલ ૧૧ જિલ્લાઓ તથા આર્થિક રીતે પછાત વર્ગના ગાંધીનગર, મહેસાણા, વડોદરા, સુરત સહિત કુલ ૧૧ જિલ્લાઓના નાગરીકો આવાસ માટે અરજી કરી શકે છે. આ ઉપરાંત વિચરતી વિમુક્ત જાતિના અમદાવાદ, ભાવનગર, સાબરકાંઠા, રાજકોટ સહિત કુલ ૨૩ જિલ્લાઓના નાગરીકો આવાસ માટે ઓનલાઈન અરજી કરી શકે છે.

પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના ગ્રામીણ તથા શહેરી એમ બંને જગ્યાએ વસવાટ કરતા વાર્ષિક રૂ. ૬ લાખની આવક મર્યાદા ધરાવતાં નાગરીકો આવાસ માટે અરજી કરી શકે છે. આ યોજના ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ઘર એ માત્ર ચાર દિવાલો નથી, પરંતુ એક પરિવારમાં સુરક્ષા, સન્માન અને સપનાઓનું પ્રતીક છે. આ જ વિચારને આધારે રાજ્ય સરકારે દરેક ગરીબ પરિવારને પોતાના મકાનનું સ્વપ્ન પૂરું કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ યોજના હેઠળ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં ઘર વગરના પરિવારોને પાકા મકાન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. પહેલા જે પરિવાર ઝૂંપડામાં કે અસ્થાયી છત નીચે રહેતા હતા, તેઓ આજે પાકા, મજબૂત અને સગવડસભર નિવાસમાં પોતાના જીવનને નવી દિશા આપી રહ્યા છે. આજે હજારો પરિવારો આ યોજનાથી લાભાન્વિત થઈને નવા ઘરનો આનંદ માણી રહ્યા છે. બાળકો માટે અભ્યાસ કરવા માટે શાંતિપૂર્ણ વાતાવરણ, મહિલાઓ માટે ઘરનું સન્માન અને વડીલો માટે જીવનના અંતિમ વર્ષોમાં સુરક્ષા આ બધું જ આ યોજનાની આપણી પ્રજાને મોટી ભેટ છે. આ યોજનાની એક વિશેષતા એ છે કે તેમાં 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના સિદ્ધાંતને સમાવવામાં આવ્યો છે. સમાજના સૌથી અંતિમ નાગરીક સુધી વિકાસનો લાભ પહોંચાડવાની પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની અંત્યોદયની વિચારસરણી આ યોજનાથી સાર્થક થઈ રહી છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## દિલ્હીમાં પણ અમદાવાદ જેવી ઘટનાઃ સ્કૂલની બહાર ૧૫ વર્ષના વિદ્યાર્થીને છાતીમાં છરી મારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં મધ્ય દિલ્હીના પહાડગંજ વિસ્તારમાં ત્રણ સગીરોએ શાળાની બહાર ૧૫ વર્ષના વિદ્યાર્થી પર હુમલો કર્યો. આ ઘટના ચોથી સપ્ટેમ્બરના રોજ બની હતી, જ્યારે ઈજાગ્રસ્ત વિદ્યાર્થી છાતીમાં છરી લઈને પહાડગંજ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. વિદ્યાર્થીને જોઈને પોલીસકર્મીઓ ચોંકી ગઈ હતી અને તેને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે આવી જ ઘટના અમદાવાદમાં મણિનગર વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં પણ બની હતી. અહેવોલો અનુસાર, પોલીસને પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે લગભગ ૧૦-૧૫ દિવસ પહેલા, એક આરોપી વિદ્યાર્થીને કેટલાક અન્ય વિદ્યાર્થીએ માર માર્યો હતો. તેને શંકા હતી કે પીડિત વિદ્યાર્થીએ આ ઝઘડો ઉશ્કેર્યો હતો. આ દુશ્મનાવટને કારણે, તેણે બે મિત્રો સાથે મળીને વિદ્યાર્થી પર હુમલો કરવાનો પ્લાન ઘડ્યો હતો. ચોથી સપ્ટેમ્બરના રોજ પીડિતા વિદ્યાર્થી શાળાના ગેટ પર પહોંત્યો ત્યારે, ત્રણ સગીર આરોપીઓએ તેને ઘેરી લીધો. પોલીસનું કહેવું છે કે એક સગીરે પીડિતા પર છરીથી હુમલો કર્યો હતો જ્યારે અન્ય બેએ તેને પકડી રાખ્યો હતો. આરોપીઓમાંથી એકે પીડિતાને ધમકાવવા માટે તૂટેલી બીયરની બોટલ પણ બતાવી હતી. હુમલા બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થી કોઈક રીતે પોલીસ સ્ટેશન પહોંચ્યો. છરી તેની છાતીમાં હતી.

### સર્ટિફિકેટ તપાસની માગ કરાઈ

# અજિત પવાર સામે બાથ ભીડવી આઈપીએસ અંજનાને ભારે પડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

**NCP** (અજિત પવાર જૂથ) મહારાષ્ટ્ર વિધાન પરિષદના સદસ્ય અમોલ મિટકરીએ **IPS** અધિકારી અંજના કૃષ્ણાના સર્ટિફિકેટની **UPSC** (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) તપાસની માગ કરી છે. ડેપ્યુટી સીએમ અજિત પવાર સાથે જોડાયેલા વાઈરલ વીડિયો વિવાદ બાદ આ માગ કરવામાં આવી છે. મિટકરીએ ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ **UPSC**, નવી દિલ્હીના સચિવને આ સંદર્ભમાં એક પત્ર લખ્યો છે. અમોલ મિટકરીએ પોતાના પત્રમાં **IPS** અધિકારી અંજના કૃષ્ણા દ્વારા રજૂ કરાયેલા શૈક્ષણિક, જાતિ પ્રમાણપત્રો અને અન્ય દસ્તાવેજોની પ્રામાણિકતા પર શંકા વ્યક્ત કરી છે. તેમણે **UPSC**ને આ દસ્તાવેજોનું વિગતવાર વેરિફિકેશન કરવા વિનંતી કરી છે.

અમોલ મિટકરીએ પોતાની માગમાં સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, આ તપાસ જરૂરી છે જેથી કોઈપણ પ્રકારની અનિયમિતતા વિશે જાણી શકાય. આ વિવાદ અજિત પવાર સાથે સંબંધિત વાઈરલ વીડિયો પછી સામે આવ્યો છે, જેના પછી અધિકારીના આચરણ પર સવાલ ઉઠ્યા હતા. **IPS** અંજના કૃષ્ણા રસ્તાના બાંધકામ માટે મુરુમ (કાંકરી-કાંકરા)ના ગેરકાયદે ખોદકામની ફરિયાદ પર કાર્યવાહી કરવા માટે સોલાપુરના કુર્દુ ગામમાં પહોંચ્યા હતા. આ દરમિયાન સ્થાનિકો અને પોલીસ વચ્ચે બાચાલાચી થઈ હતી. ત્યારબાદ એનસીપીના એક કાર્યકર બાબા જગતાપે સીધો ડેપ્યુટી સીએમ અજિત પવારને ફોન કર્યો અને ફોન અંજના કૃષ્ણાને આપ્યો. આ દરમિયાન અંજના કૃષ્ણા ડેપ્યુટી સીએમ અજિત પવારનો અવાજ ઓળખી શકી નહીં. અજિત પવારે પોતાની ઓળખ જાહેર કરી અને કાર્યવાહી રોકવા કહ્યું. તેમણે કહ્યું કે, મુંબઈમાં મરાઠા આંદોલન ચાલી રહ્યું છે, વાતાવરણ તંગ છે, હવે આ કાર્યવાહી કરવાની કોઈ જરૂર નથી. અજિત પવારની વાત ન સાંભળીને **IPS** અધિકારીએ કહ્યું કે, તમારે મારા નંબર પર ફોન કરવો જોઈએ! જેના પર અજિત પવાર ગુસ્સે થયા અને ગુસ્સામાં કહ્યું, "કામ બંધ કરો, શું હું તમારી સામે કાર્યવાહી કરું, તમારી પાસે આટલી હિંમત છે! મને તમારો નંબર આપો, હું વીડિયો કોલ કરી રહ્યો છું, તમે મને વીડિયો કોલ પર ઓળખી શકશો ને? ત્યારબાદ અજિત પવારે અધિકારીનો નંબર લીધો હતો અને તેમની સાથે વીડિયો કોલ દ્વારા સીધી તેમના ફોન પર વાત કરી હતી. વીડિયો કોલ દરમિયાન અજિત પવારે અધિકારીને કાર્યવાહી બંધ કરવા અને તહસીલદાર સાથે વાત કરવા સૂચના આપી.

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ (WRMS), સાબરમતી શાખા દ્વારા સચિવ શ્રી શિવશંકર બુંદેલાને પદોન્નતિ પર વિદાય અને સન્માન સમારોહ

અમદાવાદ, ૦૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘની સાબરમતી શાખાએ આજે તેના લોકપ્રિય સચિવ શ્રી શિવશંકર બુંદેલાને પદોન્નતિ મળવા બદલ ભવ્ય વિદાય સમારોહનું આયોજન કર્યું. શ્રી બુંદેલાને તેમના પ્રશંસનીય કાર્યો અને સમર્પણ માટે આ સન્માન આપવામાં આવ્યું, જેમણે યુનિયન નેતા તરીકે સેવા આપ્યા બાદ હવે એક અધિકારી તરીકેનો પદભાર સંભાળ્યો છે.



આ સમારોહ શ્રી બુંદેલાની પદોન્નતિ નિમિત્તે યોજવામાં આવ્યો હતો. તેઓને સુપરવાઈઝરના પદ પરથી અધિકારીના પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

સમારોહ દરમિયાન, સંઘના સભ્યો અને પદાધિકારીઓએ શ્રી બુંદેલાની રેલવેમાં તેમની લાંબી અને સફળ સફરને યાદ કરી. તેમણે પોતાની નોકરીની શરૂઆત એક ચાર્જમેન તરીકે કરી હતી અને પોતાની સખત મહેનત અને નેતૃત્વ ક્ષમતાથી એક લોકપ્રિય યુનિયન નેતા તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરી હતી.

વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ, સાબરમતી શાખાના અધ્યક્ષ અને પદાધિકારીઓએ શ્રી બુંદેલાને તેમની શાનદાર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી.

ઓબીસી એસોસિએશનના પ્રતિનિધિ, ઓલ ઈન્ડિયા ઓબીસી રેલવે કર્મચારી એસોસિએશનના કાર્યકારી અધ્યક્ષ શ્રી ભાવિક પટનીએ આ અવસરને અત્યંત ગૌરવની ક્ષણ ગણાવી. તેમણે કહ્યું, "આપણા માટે ગૌરવની વાત છે કે ઓબીસી ઉમેદવારો દિવસ-બ-દિન તમામ ક્ષેત્રોમાં ટોચના સ્તરે પહોંચી રહ્યા છે. શ્રી બુંદેલાની આ પદોન્નતિ ફક્ત તેમના વ્યક્તિગત સમર્પણનો પુરાવો નથી, પરંતુ તે સમગ્ર ઓબીસી સમુદાય માટે પ્રેરણાનો સ્ત્રોત છે."

આ વિદાય અને સન્માન સમારોહ ૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે, એન્જિનિયરિંગ વર્કશોપ, સાબરમતીના સભાગૃહમાં યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં યુનિયન સભ્યો અને રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં પોલીસ અને આર્મી સાથેની ઝપાઝપી મામલે કરણી સેના મેદાને : કરણી સેના આર્મીના સમર્થનમાં આવી રાજ શેખાવતે ન્યાયની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં થોડા દિવસો અગાઉ ભારતીય સેનાના જવાન પર પોલીસ કર્મચારીઓ દ્વારા કથિત મારઝુડ ની ઘટનાએ ખળભળાટ મચાવી દીધો છે. જેના વિડીયો પણ સોશીયલ મીડીયામાં પુરજોશમાં વાયરલ થયા હતા.

ત્યારે આ મામલે હવે આર્મીના સમર્થનમાં કરણી સેના મેદાનમાં આવી છે, કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવત આજે શનિવારે હિંમતનગર સીવીલ હોસ્પીટલ પહોચ્યા હતા અને પીડીત જવાન અને તેના પરીવાર સાથે મુલાકાત કરી હતી.

શેખાવતે સરકારને જવાનને ન્યાય અપાવવા અપીલ કરી છે. સાથે સાથે જવાન વિરૂધ્ધ નોંધાયેલી ફરીયાદ રદ કરવા અને મારઝુડ કરનાર પોલીસ કર્મચારીઓને તાત્કાલીક સસ્પેન્ડ કરવાની માંગ કરી છે.

રાજ શેખાવતે ચેતવણી આપી છે કે જો ન્યાય નહી મળે તો કરણી સેના મોટુ આંદોલન કરશે, આ ઘટનાએ પોલીસ ની કામગીરી પર સવાલો ઉભા કર્યા છે અને સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. રાજ શેખાવતે પીડીત પરીવારને સમર્થન આપવાની ખાત્રી આપી છે. જયારે સરકાર પાસે તાત્કાલીક કાર્યવાહીની અપેક્ષા રાખવામાં આવી છે.




# ગુજરાતના ૬ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીઃ સરકારે વહિવટી તંત્રને સ્થળ ન છોડવા અને અધિકારીઓને રજાઓ રદ કરવા માટે કર્યો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય હવામાન વિભાગ દ્વારા આજે તા. ૬ અને ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરીને અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જયારે અન્ય જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. અત્યંત ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈ મુખ્ય સચિવ પંકજ જોશીના અધ્યક્ષસ્થાને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે સમિક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિ તેમજ રાહત કમિશ્નર અલોકકુમાર પાંડે ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા વિવિધ જિલ્લા કલેકટરોને મુખ્ય સચિવે આગાહીને ધ્યાને રાખીને સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સુચના આપીને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કરાયેલી આગોતરી તૈયારીઓની સમિક્ષા કરી હતી.




ગુજરાતમાં બે દિવસ અત્યંત ભારે વરસાદની ભારતીય હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે જેમાં ૬ જિલ્લાઓમાં ભારે થી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ જિલ્લાઓને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં (૧) બનાસકાંઠા (૨) સાબરકાંઠા (૩) અરવલ્લી (૪) મહેસાણા (૫) સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. એસઈઓસી ગાંધીનગર ખાતેથી સંબંધીત જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કરાયેલી આગોતરી તૈયારીઓની સમિક્ષા કરી હતી. હાલ રાજયમાં એનડીઆરએફની ૧૨ તો એલડીઆરએફની ૨૦ ટીમો ડીપ્લોય કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગના અધિકારીએ બેઠકમાં જણાવ્યુ હતુ કે આજે તા. ૬ સપ્ટેમ્બરના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને સુરેન્દ્રનગર જિલ્લામાં રેડ એલર્ટ તો બીજી તરફ પાટણ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, મોરબી, રાજકોટ અને બોટાદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત આવતી કાલે તા. ૭ સપ્ટેમ્બર ના રોજ પણ બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને કચ્છ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. તો બીજી તરફ ૭ સપ્ટેમ્બરે પાટણ, ગાંધીનગર, મોરબી, સુરેન્દ્રનગર અને અરવલ્લી જિલ્લામાં પણ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. હવામાન વિભાગની આગાહી ને આધારે સંબંધીત જિલ્લા વહિવટી તંત્રને જરૂરી તમામ આગોતરી તૈયારીઓ કરવા મુખ્ય સચિવે સુચના આપી છે. મુખ્ય સચિવે રાજયના વિવિધ જિલ્લાઓમાં આવેલા ડેમના જળસ્તર અને તેમાં વરસાદી પાણીની આવક અંગે વિગતવાર માહિતી મેળવી હતી ત્યારબાદ જરૂર જણાય તો ડેમમાંથી પાણી છોડવા અને નિચાણવાળા વિસ્તારોમાં આવેલા ગામડાઓને અગાઉ થી જ એલર્ટ કરવા જણાવાયુ હતું. સંભવિત જોખમને ધ્યાને લઈ જિલ્લા વહિવટી તંત્રએ જરૂરી તમામ આગોતરી તૈયારીઓ કરીને એલર્ટ રહેવુ તેમજ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ રદ કરી તેઓએ ખડેપગે વરસાદી જિલ્લાઓમાં હાજર રહેવુ પડશે. જિલ્લા / તાલુકા વહિવટી તંત્રના અધિકારીઓ / કર્મચારીઓને હેડ કવાર્ટર ન છોડવા માટે અપીલ કરવામાં આવી છે. ગણેશ વિર્સજનમાં નાગરીકોને બને ત્યાં સુધી તળાવથી દુર રાખીને વિર્સજન માટેની વૈકલ્પિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવાયુ છે.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આગામી તા. ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે

## અમિત શાહના આગમનને લઈ મંત્રી મંડળ વિસ્તરણની વાતોએ પકડયુ જોર : પ્રદેશ પ્રમુખનુ નામ ફાઈનલ થાય તેવી શકયતાઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનુ સત્ર આવતી કાલથી શરૂ થઈ રહ્યુ છે. ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આગામી તા. ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે. દિલ્હી ટુ ગુજરાતની કેટલીક નેતાઓની સફરને કારણે ગુજરાતમાં રાજકીય ઘટનાક્રમ સર્જાય તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. તો બીજી તરફ મંત્રી મંડળ વિસ્તરણની વાતો વચ્ચે વિસ્તરણની તારીખ નકકી થાય તેવુ પણ ચર્ચાઈ રહ્યુ છે. મંત્રી મંડળના બદલાવનો સંકેત સપ્ટેમ્બર મહિના તરફ મોટો ઈશારો કરી રહ્યો છે. કારણે કે ભુપેન્દ્ર પટેલની પહેલી સરકાર પણ સપ્ટેમ્બરમાં જ બની હતી. ગુજરાતના રાજકારણના ઈતિહાસ પર એક નજર કરીએ તો વિજય રૂપાણી સરકારે રાજીનામુ આપ્યુ તે પછી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર પણ સપ્ટેમ્બર મહિનામાં જ બની હતી તેઓ ૧૨ સપ્ટેમ્બરે પ્રથમવાર મુખ્યમંત્રી બન્યા હતા. હાલ પણ સપ્ટેમ્બર મહિનો ચાલી રહ્યો હોવાથી મંત્રી મંડળના વિસ્તરણ માટે સપ્ટેમ્બર મહિનો પસંદ કરાશે તેવી ચર્ચાએ જોર પડકયુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગુજરાત મુલાકાત બાદ રાજકીય વર્તુળોમાં મોટા ફેરફારોની અટકળો તેજ બની છે એવી ચર્ચા છે કે ભાજપ ટુંક સમયમાં રાજયમાં મોટા ભાગના નિર્ણયો લઈ શકે છે. આમા નવા પ્રદેશ પ્રમુખની નિમણુંક અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ના મંત્રી મંડળમાં ફેરબદલનો સમાવેશ થાય છે. સુત્રોનુ માનીએ તો રાજયમાં નેતૃત્વ પરીવર્તનની કોઈ શકયતા નથી. પરંતુ મોટાભાગના મંત્રીઓના ત્યાં ધારાસભ્યોની ભલામણો ધુળ ખાઈ રહી છે. જેથી કરી કેટલાક ધારાસભ્યોમાં સરકાર પ્રત્યે નારાજગી વર્તાઈ રહી છે. પરંતુ મોટા ભાગના મંત્રીઓને વર્તમાન મંત્રી મંડળમાંથી દુર કરવામાં આવી શકે છે તો કેટલાક મંત્રીઓના પોર્ટફોલીયુ બદલાઈ શકે છે. સંગઠનમાં કામ કરવા માટે મોટા ભાગના મંત્રીઓનો સંગઠનમાં સમાવેશ થઈ શકે છે. જયારે કેટલાક યુવા ચહેરાઓ મંત્રી મંડળમાં પ્રવેશ કરી શકે છે. ભુપેન્દ્ર પટેલના મંત્રી મંડળમાં ૧૬ મંત્રીઓ છે જેમાં ૮ કેબિનેટ મંત્રીઓ, ૨ સ્વતંત્ર પ્રભારી મંત્રીઓ અને ૬ રાજય મંત્રીઓનો સમાવેશ થાય છે. ૨૦૨૨ માં બીજી વખત મુખ્યમંત્રી બન્યા બાદ કોઈ ફેરફાર થયો નથી અને ભાજપ સરકારમાં હવે ફેરફાર કરવો જરૂરી બની રહ્યો છે. આવી સ્થિતિમાં ટુંક સમયમાં મંત્રી મંડળ ફેરબદલની અટકળો તેજ છે. શ્રાધ્ધના અંત પછી પણ આ ફેરફાર થઈ શકે છે. ચર્ચા છે કે નવા મંત્રી મંડળનુ કદ ૨૬ નુ હોઈ શકે છે. જેમાં બચુ ખાબડનુ મંત્રી પદ દિકરાઓના મનરેગા કૌભાંડને કારણે તેમને બાકાત કરવામાં આવે તેવી પુરેપુરી શકયતા છે. આ સિવાય અરવલ્લી જિલ્લાના ભીખુસિંહ પરમારની પણ બાદબાકી થઈ શકે છે. વાસ્તવમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અચાનક દિલ્હીની મુલાકાતે પહોચ્યા હતા આ દરમિયાન તેમણે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ મહત્વપૂર્ણ બેઠક કરી હતી. મહત્વનુ છે કે આ મુલાકાત માત્ર શિષ્ટાચાર પુરતી નહી પરંતુ રાજયના રાજકીય અને નીતીગત પરીપ્રેક્ષય માં અનેક સંકેતો પણ આપી ગઈ છે. રાજયના રાજકારણની હાલની સ્થિતિ પ્રમાણે જોઈએ તો સંભવિત રીતે પ્રદેશ પ્રમુખની જાહેરાત થઈ શકે છે. ગુજરાત વિધાનસભાનુ સત્ર આવતી કાલથી શરૂ થઈ રહ્યુ છે ત્યારે અમિત શાહ આગામી તા. ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે ફરી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે મંત્રી મંડળ વિસ્તરણની ચર્ચાએ જોર પકડયું છે.



### ગિફ્ટ સિટી ખાતે ''નેશનલ મોબિલિટી સમિટ-૨૦૨૫'' યોજાઈ

# GSRTCએ ભારતના હરિત અને એકીકૃત પરિવહનનું નેતૃત્વ સંભાળ્યું



ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) દ્વારા ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે ''નેશનલ મોબિલિટી એવોર્ડ્સ અને સમિટ-૨૦૨૫''નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. 'Accelerating Future Mobility: Green, Integrated and Digitally Driven"ની થીમ પર આયોજિત આ એક-દિવસીય સમિટે ભારતના પરિવહન ક્ષેત્રે ગુજરાતની અગ્રણી ભૂમિકાને મજબૂત કરી છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તેમજ વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કોન્ફરન્સમાં પરિવહન ક્ષેત્રે ભવિષ્યના પડકારો અને નવી તકો માટેના ઉકેલો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાત સરકારના બંદર અને વાહન વ્યવહાર વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણાએ જણાવ્યું હતું કે, GSRTC દ્વારા પ્રતિદિન રાજ્યના આશરે ૨૭ લાખથી વધુ મુસાફરોને સુરક્ષિત રીતે તેમના ગંતવ્ય સ્થાનો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. મુસાફરોને ગંતવ્ય સ્થાન સુધી પહોચાડવા ઉપરાંત GSRTCએ પર્યાવરણ સુરક્ષાને પણ એટલું જ મહત્વ આપ્યું છે. જેના પરિણામે આજે ગુજરાત ઈલેક્ટ્રિક અને CNG બસો જેવી નવીન પહેલથી હરિત પરિવહન વ્યવસ્થા તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે.

આ સમિટમાં GSRTCના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એમ. નાગરાજને જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં જાહેર પરિવહન કરતા મુસાફરો આરામ, સલામતી અને વિવિધ પરિવહન માધ્યમો વચ્ચે સીમલેસ કનેક્ટિવિટીની અપેક્ષા રાખે છે. રાજ્ય સરકારના વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફરોની આ અપેક્ષાઓને સંપૂર્ણ પ્રતિબધ્ધતા સાથે પૂર્ણ કરવામાં આવી રહી છે. આ સમિટમાં એસેટ મોનેટાઈઝેશન અને નોન-ફેર રેવન્યુ મોડલ જેવા ભવિષ્યલક્ષી મોડલ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

**SBI સાથે ઐતિહાસિક ભાગીદારી-MOU**

આ સમિટનું સૌથી મોટું આકર્ષણ GSRTC અને સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયા (SBI) વચ્ચે થયેલો સમજૂતી કરાર (MoU) રહ્યો હતો. SBI અને GSRTC વચ્ચેનો આ કરાર જાહેર પરિવહનમાં નાણાકીય સ્થિરતા અને નવીનતા લાવશે. SBIના અધિકારીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, SBIની ગ્રીન ફાઈનાન્સિંગ પહેલ અગાઉથી જ રૂ.૬૩,૦૦૦ કરોડથી વધુ છે. GSRTC સાથેની આ ભાગીદારી ભારતમાં ટકાઉ પરિવહનને વધુ વેગ આપશે.

આ સમિટમાં 'ઈ-ગવર્નન્સ મેગેઝિન'નો એક વિશેષાંક લોન્ચ કરવામાં આવ્યો હતો, જેમાં GSRTC અને ગુજરાતની હરિત પરિવહન પહેલોને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. આ સમિટમાં ટાટા મોટર્સ, ચાર્જઝોન, JSL, એમનેક્સ અને SBI જેવી અગ્રણી કંપનીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત જાહેર અને ખાનગી પરિવહન ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વિવિધ સંસ્થાઓને ''નેશનલ મોબિલિટી એવોર્ડ્સ - ૨૦૨૫'' એનાયત કરવામાં આવ્યા હતા.

આ સમિટમાં EV ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ ટિકિટિંગ, AI આધારિત ફ્લીટ મેનેજમેન્ટ, સલામતી અને નોન-ફેર રેવન્યુ જેવા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચાઓ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, GSRTC નાગરિક-કેન્દ્રિત, પર્યાવરણને અનુકૂળ અને ડિજિટલી સશક્ત પરિવહન સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. ગુજરાતને ભારતની હરિત અને એકીકૃત મોબિલિટી ક્રાંતિનું નેતૃત્વ કરવા માટેનો સંકલ્પ આ સમિટ દ્વારા વધુ મજબૂત બન્યો છે. - પ્રિન્સ ચાવલા

# મનપાની કાર્યવાહીઃ ગાંધીનગર મહાનગરપાલિકાએ રખડતા પશુઓ સામે કડક કાર્યવાહી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધનગરઃ હાલમાં રખડતા ઢોર અને કૂતરાઓના મુદ્દાએ આખા ગુજરાતમાં ગંભીર સ્થિતિ ઉભી કરી છે, જેમાં હવે રાજ્યની રાજધાન ગાંધીનગર પણ બાકાત નથી. રાજ્યના મહાનગરો અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા બાદ હવે ગાંધીનગરમાં પણ રખડતા પશુઓના કારણે નાગરિકો પરેશાન થઈ રહ્યા છે. જેથી આ ગંભીર સમસ્યા મહાનગર પાલિકાઓ માટે પકડારરુપ બની છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકાએ શહેરને રખડતા પશુઓ માટે કડક કાર્યવાહી હાથ ધરી એક વર્ષમાં ૩૬૭૬ પશુઓ પકડીને તેમના માલિકને ૮.૮૮ લાખનો દંડ ફટકાર્યો છે.

ગાંધીનગરને રખડતા ઢોર મુક્ત બનાવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ વર્તમાન વર્ષ એટલે કે સપ્ટેમ્બર ૨૦૦૨૪થી ઓગસ્ટ ૨૦૨૫ સુધીના એક વર્ષના સમયગાળા દરમિયાન એક ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. જેના ભાગરૂપેની પાલીકાની સી.એન.સી.ડી. શાખા છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન કુલ ૩૬૭૬ પશુઓ પકડીને પાંજરાપોળમાં મોકલવામાં આવ્યા હતા. આટલું જ નહીં આ પાંજરે પુરાયેલા પશુઓ મહાનગર પાલિકામાં છોડાવવા આપતા તેમના માલિકો પાસેથી કુલ ૮,૮૮,૦૦૦ની માતબર રકમનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે.

વધુમાં ગાંધીનગર શહેરમાં પશુઓને રખડતા મૂકનારા માલિકો સામે દંડનીય કાર્યવાહીની સાથે સાથે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પશુઓના રજીસ્ટ્રેશનને પ્રોત્સાહન આપવા માટે પણ પગલાં લેવામાં આવ્યા છે. આ ઝુંબેશ અંતર્ગત કુલ ૨૩૭૫ પશુઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું, જેમાંથી મહાનગરપાલિકાને રજીસ્ટ્રેશન ફી પેટે કુલ ૧૨,૨૯,૯૫૦ રૂપિયાની આવક પણ ગાંધીનગર મહાનગર પાલિકાને થઈ છે.

મહત્વનું છે કે, ગાંધીનગરને સ્વચ્છ અને સુરક્ષિત શહેર બનાવવાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે આ રખડતા પશુઓ સામે કડક કાર્યવાહી કરવાની નોબત આવી રહી છે. શહેરમાં રખડતા પશુઓના કારણે વારંવાર અનેક સમસ્યાનો સમાનો નાગરિકો કરવાની નોબત આવતી હતી. જેથી આ રખડતાં પશુઓ કારણે ગાંધીનગર શહેરમાં ટ્રાફિક તેમજ અકસ્માતનો મોટો ભય રહેતો હતો. જેના કારણે મહાનગર પાલિકાના દ્વારા આ ખાસ ઝુંબેશ હાથ ધરી હતી.

ગાંધીનગર પાલિકા તંત્રએ રખડતાં પશુઓ સામે કડક કાર્યવાહી કરી છે, જેના કારણે શહેરમાં રખડતા ઢોરથી થતા અકસ્માની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, તો સ્વચ્છતા માટે ઉદભવતી સમસ્યાઓ પણ નાબૂદ થઈ છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય જાહેર જનતાની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને શહેરના નાગરિકોને સુવ્યવસ્થિત વાતાવરણ પૂરું પાડવાનો છે. ભવિષ્યમાં પણ આ ઝુંબેશ વધુ વેગવંતી બનશે.

# રાજયના દિવ્યાંગોને હવે દર મહિને ૨૫૦૦ રૂપીયાની આર્થિક સહાય મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે સંજય ગાંધી નિરાધાર યોજના અને શ્રવણ બાળ યોજના હેઠળ હવે દિવ્યાંગોને આપવામાં આવતી આર્થિક સહાયમાં રૂપીયા ૧ હજારનો વધારો કર્યો છે. અત્યાર સુધી દિવ્યાંગોને ૧૫૦૦ રૂપીયાની સહાય મળતી હતી. તેને બદલે હવે દર મહિને ૨૫૦૦ રૂપીયાની સહાય સરકાર તરફથી મળશે. જેથી દિવ્યાંગોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. રાજયના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગે વધારાની સહાય તત્કાલ ચાલુ કરવાનુ કહ્યુ હોવાથી આ વધારેલી સહાય સાથેની રકમનો હપ્તો આ જ મહિનામાં તેમના બેંક ખાતામાં જમા થઈ જશે.



આ સહાયને કારણે તેમનો ઉપચાર, દવાઓ અને રોજ બરોજની જરૂરીયાતો પુરી થઈ શકશે. રાજયના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગે આ યોજનાના બધાજ લાભાર્થી દિવ્યાંગોને તેમના બેંક એકાઉન્ટ અપડેટ રાખવા તેમજ તેમની અરજીઓ પેન્ડીંગ હોય તો એ પ્રોસેસ વહેલી તકે પુરી કરવા જણાવાયુ છે.

# આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જૅનોક ફિલ્મ્સની નવી રજૂઆત- ફિલ્મ 'ચણિયા ટોળી'નું ટીઝર ટીચર્સ ડેના દિવસે થયું લોન્ચ





ટીચર્સ ડેના ખાસ દિવસે આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જૅનોક ફિલ્મ્સે તેમની આગામી ગુજરાતી ફિલ્મ 'ચણિયા ટોળી'નું ટીઝર લૉન્ચ કર્યું છે. જય બોડસ અને પાર્થ ત્રિવેદી દિગ્દર્શિત તથા આનંદ પંડિત અને વૈશલ શાહ દ્વારા નિર્મિત આ ફિલ્મનો કન્સેપ્ટ ગુજરાતી સિનેમામાં નવી દિશા દર્શાવે છે.

આ ફિલ્મની કહાની એક એવા શિક્ષકની આસપાસ ફરે છે, જે સાત મહિલાઓને પોતાની શિષ્યા બનાવીને તેમને અનોખો પાઠ ભણાવે છે – પરંતુ આ પાઠ છે બેંક લૂંટવાનો! શિક્ષક અને શિષ્યાઓ વચ્ચેની આ અવિશ્વસનીય સફરમાં રહસ્ય, રોમાંચ અને મનોરંજનનું મજબૂત મિશ્રણ દર્શકોને અનુભવાશે.

ટીચર્સ ડેના દિવસે ટીઝર લોન્ચ થવું આ ફિલ્મને વધુ રસપ્રદ બનાવે છે, કેમ કે તે "શિક્ષક"ના પરંપરાગત રૂપને એક નવા દ્રષ્ટિકોણથી રજૂ કરે છે.

નિર્માતા વૈશલ શાહે આ ફિલ્મ અંગે વાત કરતા જણાવ્યુ કે, 'અત્યારના સમયમાં ફિલ્મની કથાવસ્તુ અંગે દર્શકો ખૂબ જ જાગૃત થયા છે. ગુજરાતી સિનેમાની કથાવસ્તુના પ્રકારો ઝડપથી બદલાઈ રહ્યા છે.

'ચણિયા ટોળી' દ્વારા અમે દર્શકોને એક નવો અનુભવ આપવાનો પ્રયત્ન કર્યો છે. ટીઝર તો માત્ર શરૂઆત છે. આ ફિલ્મ દર્શકોને દરેક પ્રકારના ઈમોશન્સનો અનુભવ કરાવશે. ફિલ્મના કિરદારો દર્શકોને મજા પડે તેવા છે.'

આ અંગે વાત કરતાં આનંદ પંડિત જણાવ્યુ કે, 'ફિલ્મનો વિષય ખૂબ જ રસપ્રદ છે. અમને વિશ્વાસ છે કે આ ફિલ્મ યુવાનો તથા પરિવાર – બન્ને વર્ગના દર્શકોને ગમશે. મૂળે અમારી ફિલ્મ પારિવારીક છે.'

આ ઉપરાંત, ફિલ્મના ડિરેક્ટર્સ જય બોડસ અને પાર્થ ત્રિવેદીએ ફિલ્મ અંગે વાત કરતાં જણાવ્યુ હતુ કે, 'આ ફિલ્મનો વિષય સ્ત્રીઓને ઘણો જ પોતાનો લાગશે. આ ટીઝરની દરેક સેકન્ડમાં અમારી ટીમની મહેનત, લગન અને લાગણીઓ છતી થાય છે. સ્ટૉરી બૉર્ડના પહેલા સ્કેચથી લઈને ફાઈનલ સાઉન્ડ મિક્સ સુધી અમારી ટીમે પોતાનું મન રેડીને કામ કર્યું છે. અમે આ ફિલ્મ માટે ખૂબ જ આશાવાદી અને ભાવુક છીએ. અમારી ફિલ્મને દર્શકો પ્રેમથી વધાવશે તેવી અમને આશા છે.'

વૈશલ શાહ ગુજરાતી સિનેમાના હિટ મશીન છે. ઈન્ડસ્ટ્રીના 'હિટ મેન' ગણાતા વૈશલના પ્રોડક્શન એક પછી એક બોક્સ-ઑફિસના રેકોર્ડ્સ તોડતા આવ્યા છે. દર્શકોની પસંદગી સમજવાની તેમની કુશળતા, નવીન માર્કેટિંગ અને ભવ્ય ઑન-ગ્રાઉન્ડ ઈવેન્ટ્સને કારણે તેઓને ગુજરાતી સિનેમાના હિટ મેનનો ખિતાબ મળ્યો છે. વૈશલની ફિલ્મો વિશ્વભરમાં રિલીઝ થાય છે, જ્યાં વિદેશમાં રહેતા ગુજરાતીઓ નવી ફિલ્મોની આતુરતાથી રાહ જુએ છે. તેમની ફિલ્મો મનોરંજન અને પરિવારના મૂલ્યોનું અનોખું મિશ્રણ હોય છે, જે પરંપરાગત દર્શકોને પણ ગમે છે અને યુવાનોને પણ જોડે છે.

વૈશલ માટે ફિલ્મ બનાવવી માત્ર એક સારી મૂવી બનાવવાની વાત નથી — પરંતુ તેને યોગ્ય સમયે, યોગ્ય રીતે અને યોગ્ય દર્શકો સુધી પહોંચાડવાની છે. ડિજિટલ પ્લેટફોર્મ્સની તેમની માસ્ટરી અને માર્કેટિંગની સમજણને કારણે તેમની ફિલ્મો ફક્ત રિલીઝ નથી થતી, પરંતુ લોકો પર પ્રભાવ છોડે છે.

આ ફિલ્મના મુખ્ય કિરદારમાં છે યશ સોની. ફિલ્મમાં યશનો એક નવીન અવતાર જોવા મળશે. સાથે છે સાત એવી સ્ત્રીઓ, જેમના કિરદાર જોઈને દર્શકો મંત્રમુક્ત થઈ જશે.

# મહિસાગર નદીનુ પાણી અચાનક હાઈડ્રોપાવર પ્લાન્ટમાં ઘુસી જતા પાંચ કામદારોના મોત

## લુણાવાડા તાલુકાના દોલતપુરા ગામે બનેલ બનાવ : તાત્રોલી પુલ પાસે હાઈડ્રોપાવર પ્રોજેકટમાં કામ ચાલી રહ્યુ છે આ પ્લાન્ટ ઓરેવા કંપનીના જયસુખ પટેલનો છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતના મહિસાગરમાં ડેમમાંથી પાણી છોડવાને કારણે હાઈડ્રોપાવર પ્લાન્ટમાં ૫ લોકો ડુબી ગયા હતા. અકસ્માત સમયે અહી ૧૫ લોકો કામ કરી રહ્યા હતા, અચાનક પાણી આવતા બધા કામદારો પ્લાન્ટમાંથી બહાર નિકળી ગયા હતા પરંતુ ૫ લોકો ના ડુબી જવાથી મોત નિપજયા હતા. આ બનાવ મહિસાગર જિલ્લાના મુખ્યમથક લુણાવાડા તાલુકાના દોલતપુરા ગામમાં બન્યો હતો. તાત્રોલી પુલ પાસે હાઈડ્રોપાવર પ્રોજેકટમાં કામ ચાલી રહ્યુ છે. આ દરમિયાન મહિસાગર નદીનુ પાણી ઘુસવાથી કામદારો ડુબી ગયા હતા. મોરબી પુલ અકસ્માતમાં સામેલ જયસુખ પટેલની અજંતા પાવર પ્રોજેકટ કંપનીનો પ્લાન્ટ છે. અકસ્માત સમયે હાઈડ્રો પાવર પ્લાન્ટમાં ૧૫ લોકો કામ કરી રહ્યા હતા. તેમાંથી ૫ લોકો ડુબી ગયા હતા. વહિવટી તંત્ર અને સ્થાનિક ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી શરૂ કરી હતી. જિલ્લા પોલીસવડા અને જિલ્લા કલેકટર પણ ઘટનાસ્થળે પહોંચી જઈ બચાવ કામગીરીનુ નિરીક્ષણ કર્યુ હતું. મૃતકોમાં (૧) શૈલેષ રાયજીભાઈ માછી (રહે. દોલતપુરા) (૨) શૈલેષભાઈ રમણભાઈ માછી (રહે. દોલતપુરા) (૩) ભરતભાઈ અખમાભાઈ પાદરીયા (રહે. દાધલીયા) (૪) અરવિંદભાઈ ડામોર (રહે. અકાલીયા) (૫) નરેશભાઈ વાયરમેન (રહે.ગોધરા) સ્થળ પર હાજર સાથીદાર મનિષ માછીએ જણાવ્યુ હતુ કે આ પ્લાન્ટના કુવામાં મશીન રીપેરનુ કામ ચાલી રહ્યુ હતું અને જયારે લોકો કામ કરી રહ્યા હતા ત્યારે પાણી પુરજોશમાં આવતુ હતું. અમને કહેવામાં આવ્યુ હતુ કે પાણી છોડવામાં આવશે પરંતુ પ્રોજેકટના વ્યકિતએ અમને કહ્યુ ન હતુ કે આટલી મોટી માત્રામાં પાણી છોડવામાં આવશે. અમને પ્રોજેકટના પાણીના સ્તર વિશે પણ કહેવામાં આવ્યુ ન હતું. નહી તો પાણી છોડવામાં આવે તે પહેલા અમે બધા બહાર આવી ગયા હોત, આ પ્લાન્ટ ઓરેવા કંપનીના જયસુખ પટેલનો છે.

# ગુજરાતમાં ૨૩૦૦ કરોડનો સટ્ટો કેવી રીતે રમાતો? ક્રિકેટ સટ્ટાના માસ્ટર માઈન્ડ હર્ષિત જૈનને ડીઆઈજી નિર્લિપ્ત રાયની ટીમે ઝડપી લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સટ્ટા બેટીંગ અને ડબ્બા ટ્રેડીંગ કૌભાંડનો પર્દાફાશ કરતી વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) ને મોટી સફળતા મળી છે. દુબઈ ભાગી ગયેલો મુખ્ય આરોપી હર્ષિત જૈનને આંતરરાષ્ટ્રીય પ્રત્યાર્પણ સંધિ હેઠળ પરત લાવીને ધરપકડ કરવામાં આવી છે.

આ કેસ અંગે આઈપીએસ નિર્લિપ્ત રાય એસએમસીના વડાએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ૧૬ એપ્રિલ ૨૦૨૩ ના રોજ હર્ષિત જૈનની ઓફિસમાં થી ગેમ્બલીંગ ચાલતુ હોવાનુ ખુલતા ફરીયાદ નોંધાઈ હતી. ત્યારબાદ એસઆઈટીની તપાસમાં અનેક ચોકાવનારી વિગતો બહાર આવી હતી. અત્યાર સુધીમાં ૪૦૦ જેટલા સાક્ષીઓના નિવેદનો લેવામાં આવ્યા છે જયારે કુલ ૩૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે આ ગેરકાયદેસર ધંધો ચલાવવા માટે ખોટા ભાડા કરાર બનાવવામાં આવ્યા હતા. તેમજ ખોટા દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદવામાં આવ્યા હતા. આ સીમાકાર્ડનો ઉપયોગ વોટસએપ મારફતે ડબ્બા ટ્રેડીંગ અને ગેમ્બલીંગ માટે કરવામાં આવતો હતો. હર્ષિત જૈન પોતાના નેટવર્ક દ્વારા વિદેશમાંથી સમગ્ર રેકેટ ચલાવતો હતો. એસઆઈટીએ સમયસર કાર્યવાહી કરતા તેની સામે લુકઆઉટ નોટીસ અને રેડ કોર્નર નોટીસ જારી કરી હતી. જેના આધારે તેને દુબઈમાંથી પરત લાવીને આજે કબ્જામાં લેવામાં આવ્યો છે. તપાસમાં અત્યાર સુધીમાં રૂપીયા ૨૩૦૦ કરોડના વ્યવહારો થયા હોવાનુ બહાર આવ્યુ છે. આ ઉપરાંત ૧૩૯ બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે. જેથી ગેરકાયદેસર નાણાંકીય વ્યવહાર અટકાવી શકાય. નિર્લિપ્ત રાયે વધુમાં જણાવ્યુ હતુ કે હજુ પણ મુખ્ય આરોપી અમિત મજીઠીયા અને સૌરભ ચંદ્રાકર ફરાર છે , જેઓ સામે લુકઆઉટ નોટીસ જારી કરવામાં આવી છે. એસઆઈટી તેમનો પત્તો મેળવવા આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે સંકલન કરી રહી છે. હર્ષિત જૈન દુબઈમાં કેવી રીતે પહોચ્યો, ત્યાં કોના સંપર્કમાં રહ્યો અને કયા નેટવર્ક મારફતે સમગ્ર ટ્રેડીંગ સંચાલિત કરતો હતો તેની પણ હવે ઉંડાણપૂર્વક પુછપરછ કરવામાં આવશે. સાથે જ ક્રેડિટ કાર્ડ, બોગસ બેંક એકાઉન્ટ અને



બોગસ પેઢીઓના વ્યવહાર અંગે એસઆઈટી દ્વારા વધુ માહિતી મેળવીને તપાસ આગળ ધપાવવામાં આવશે. નિર્લિપ્ત રાયે સ્પષ્ટ કહ્યુ હતુ કે આ કેસ માત્ર સટ્ટા અથવા ડબ્બા ટ્રેડીંગ પુરતો સિમિત નથી પરંતુ તેમાં વિશાળ નાણાંકીય ટ્રાન્ઝેકશન, ખોટા દસ્તાવેજો અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક સામેલ છે. આરોપી સામે કડક કાનુની કાર્યવાહી હાથ ધરાશે અને જરૂરી રીમાન્ડ માટે કોર્ટમાં રજુ કરવામાં આવશે.

# ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરમતી નદીનુ જળસ્તર વધ્યું: સાબરકાંઠા સહિત ૬ જિલ્લામાં સાવચેતીની સુચના અપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર




ઉત્તર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે થી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે નદી નાળા અને ડેમ છલકાઈ ગયા છે. જેમાં ધરોઈ ડેમમાંથી આજે તા. ૫ સપ્ટેમ્બર ની ગઈ કાલે રાત્રે ૮ વાગે ૬૧૮ ફુટે જળ સપાટી પહોચી હતી જેની ભયજનક સપાટી ૬૨૨ ફુટની છે. ડેમમાં જળસ્તર વધતા શુક્રવારની રાત્રે ૧૦ વાગે ડેમમાંથી ૨૫ હજાર કયુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યુ છે.

જેને લઈને તંત્રએ સાબરકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ સહિત ૬ જિલ્લાને એલર્ટ કરવામાં આવ્યા છે ત્યારે તંત્રએ લોકોને સલામત સ્થળે ખસી જવાની સુચના આપી છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ધરોઈ ડેમમાં પાણીની આવક વધી છે.

ત્યારે સાબરમતી નદીમાં ડેમના પાણી છોડાયા છે. જેને લઈને ધરોઈ ડેમના તંત્રએ મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લા તંત્રને એલર્ટ કર્યા છે. સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યુ છે ત્યારે નદી કાંઠા વિસ્તારના ગામડાઓના લોકોને સાવચેતી રાખવા તંત્ર દ્વારા સુચના અપાઈ છે તેમજ ધરોઈ ડેમની હેઠવાસમાં નદી કાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન હેઠળ ઘટતી કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી છે.

# અમદાવાદના વટવા અને બોપલ વિસ્તારની કરોડોના ભાવની જમીન ધસી રહી છે: આ જમીન ભુગર્ભમાં જઈ રહી છે

પ્રતિનિધિ,ગાંધીનગર




એક તરફ ગુજરાતના કેટલાક શહેરોને દરીયો ગળી રહ્યો છે તો બીજી તરફ ગુજરાતના બે મોટા શહેરોની જમીન પર ઉત્તરાખંડના જોશીમઠ જેવુ સંકટ આવી પડયુ છે. અમદાવાદ અને સુરત શહેરથી ચોકાવનારી ખબર આવી છે. કે જેમાં બંને શહેરોની જમીન ભુગર્ભમાં ખસી રહી છે,

હાલ અમદાવાદ અને સુરત શહેરમાં પ્રોપર્ટીના ભાવ આસમાને છે, આ બંને શહેરોમાં પ્રોપર્ટી રોકાણ સતત વધી રહ્યુ છે. પરંતુ કરોડોની જમીન ધરાવતા આ બંને શહેરો પર એક મોટુ સંકટ આવી પડયુ છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના રીપોર્ટ અનુસાર રાજયના મોટા ભાગના શહેરોમાં જમીન ડુબી રહી છે. જમીન ડુબવાના વાર્ષિક દર આઘાતજનક તેમજ ભયાનક છે. ખાસ કરીને અમદાવાદ, સુરત અને કચ્છની સ્થિતિ ખુબ જ સંવેદનશીલ છે. ભારતના અમદાવાદ શહેરમાં જમીનના ભુર્ગભનુ મેપીંગ નામનો આ અભ્યાસ ટાટા કન્સલટન્સી સર્વિસીસની સંશોધન અને નવીનતા ટીમના સંશોધકો દ્વારા ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ડીએઆઈઆઈસીટી) ગાંધીનગરના સહયોગથી હાથ ધરવામાં આવ્યો હતો. સેટેલાઈટ રડાર ટેકનોલોજી (આઈએનએસએઆર) નો ઉપયોગ કરીને ટીમે જમીનની ગતિવિધીઓનુ નિરીક્ષણ કર્યુ હતું અને સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોને ઓળખ્યા હતા. અભ્યાસમાં જાણવા મળ્યુ કે ભુગર્ભ જળનુ મુખ્ય કારણ સ્થાનિક ભુગર્ભ જળનુ અવક્ષય છે.

ઈન્ટરફેરોમેટ્રીક સિન્થેટીક એપરચર રડાર (આઈએનએસએઆર) ડેટાને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ (સીજીડબલ્યુબી) ના રેકોર્ડ સાથે સાંકળીને સંશોધકોએ ભુગર્ભજળના સ્તરમાં તીવ્ર ઘટાડો જોયો. બોપલમાં ૨૦૦૫ ના મધ્યમાં સ્તર લગભગ ૧૧ મીટર થી ઘટીને ૨૦૧૯ સુધીમાં ૨ મીટરથી ઓછુ થઈ ગયુ, વટવામાં તે ૨૦૦૫ માં આશરે ૪૨ મીટરથી ઘટીને ૨૦૧૯ માં લગભગ ૨૮ મીટર થઈ ગયુ, અહેવાલ અનુસાર દહેરાદુન સ્થિત યુનિર્વસિટી ઓફ પેટ્રોલીયમ એન્ડ એનર્જી સ્ટડીઝ (યુપીઈએસ) ના સંશોધકો ઓલિમ્પિકા ગોગોઈ, ગીરીશ કોઠીયારી અને અતુલકુમાર પાટીદારે તાજેતરમાં જીયો સિસ્ટમ્સ એન્ડ જીયોએનવાયરમેન્ટ (૨૦૨૫) માં પ્રિપ્રિન્ટ તરીકે પ્રકાશિત થયેલા સમિક્ષ અભ્યાસમાં આ ગંભીર ભય તરફ ધ્યાન દોર્યુ છે. આ વિષય પર સિંગાપોરની નાન્યાંગ ટેકનોલોજીકલ યુનિર્વસિટી (એનટીયુ) એ પણ ઘણા દરીયાકાંઠાના શહેરોમાં જમીનના ભુસકોનો ડેટા એકત્રીત કર્યો છે.

હાલ દેશભરમાં જમીન સંકટ વધી રહ્યુ છે , જેના અનેક કારણો છે ભુગર્ભ જળ, ટેકટોનિક પ્લેટ માં ફેરફારને કારણે લેન્ડ સ્લાઈડની ઘટનાઓ સતત વધી રહી છે. નવા સંશોધન અનુસાર અમદાવાદમાં સતત જમીનના સરકવાની ઘટના રેકોર્ડ થઈ છે.

વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ ની વચ્ચે ૩ મુખ્ય ભુસ્ખલન ક્ષેત્રો ઓળખવામાં આવ્યા હતા. જયાં જમીન વાર્ષિક ૨.૫ સેન્ટીમીટર સુધી અંદર ધસી છે. વર્ષ ૨૦૧૪ અને ૨૦૨૦ ની વચ્ચેના રીસર્ચમાં બહાર આવ્યુ કે પીપળજ વિસ્તારની જમીન પ્રતિવર્ષ ૪.૨ સેન્ટીમીટરના દરે જમીનમાં ધસી રહી છે. તે જ સમયે ૨૦૨૦-૨૩ ના અહેવાલ મુજબ અમદાવાદના બોપલ અને વટવા વિસ્તારોમાં પણ આવુ જ જોવા મળ્યુ. બંને વિસ્તારોમાં દર વાર્ષિક દર ૩.૫ સેન્ટીમીટર હતો. સુરત પણ આ સમસ્યા સામે ઝઝુમી રહ્યુ છે. વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૦ ની વચ્ચે સુરતમાં ૦.૦૧ થી ૬.૭ સેન્ટીમીટરનુ ભુસ્ખલન નોંધાયુ હતું. જેમાં સુરતનો કરંજ વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયો હતો. દરિયાઈ તાપમાનમાં વધારો થવાને કારણે ગુજરાતનો ૧૬૧૭ કિ.મી. નો દરીયા કિનારો ઝડપથી ક્ષીણ થઈ રહ્યો છે. જે ૪૫.૮ ટકા અને ગામડાઓને અસર કરે છે.

અમદાવાદ, સુરત અને ભરૂચ જેવા મુખ્ય વિસ્તારો પ્રભાવિત છે. ભાસ્કરાચાર્ય રાષ્ટ્રીય સંસ્થાનો અભ્યાસ (૧૯૭૮-૨૦૨૦) કચ્છના દરીયાને સૌથી વધુ ધોવાણ સાથે દર્શાવે છે.

હોટસ્પોટ માં કચ્છના અખાત અને વલસાડનો સમાવેશ થાય છે જેમાં ૧૯૯૮ થી ઉચ્ચ ધોવાણદર છે. ખંભાત પ્રદેશમાં વાર્ષિક પરીવર્તન દર નોધપાત્ર રીતે ઉંચો છે. ૪૦ વરસના અભ્યાસમાં બહાર આવ્યુ છે કે ગુજરાતનો દરીયા કિનારો ભયજનક રીતે અદ્રશ્ય થઈ રહ્યો છે.

ખંભાતના અખાતથી કચ્છના અખાત સુધી, સૌરાષ્ટ્રના દરીયાકાંઠે થી દક્ષિણ ગુજરાતના દરીયાકાંઠે, એક સમયના સ્થિર કિનારાઓ હવે ઝડપથી ક્ષીણ થઈ રહ્યા છે. ૧૬ દરીયાકાંઠાના જિલ્લાઓમાં ૧૦ જિલ્લા નોધપાત્ર ધોવાણ સાથે ઝઝુમી રહ્યા છે. જે રાજયના દરીયાકાંઠાના લગભગ ૪૫.૮ ટકાને અસર કરે છે.

# સરકારી ભરતીમાં એસટી / એસસી કેટેગરીના ઉમેદવારોને ૧૦ ટકા છુટછાટ આપવાની ભાજપ સાંસદે મુખ્યમંત્રીને કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર



ભારતીય જનતા પાર્ટીના સાંસદ સભ્ય જસુભાઈ રાઠવાએ ગુજરાતના મુખ્યમંત્રીને લેખિત પત્ર આપીને સરકારી વર્ગ - ૩ ની ભરતીમાં એસટી / એસસી કેટેગરીના ઉમેદવારો માટે લાયકાત ગુણ ઘટાડવાની માંગણી કરી છે.

ગુજરાત સરકારને નિયમમાં સુધારો કરીને એસટી / એસસી માટે લાયકાત ૪૦ ટકા થી ઘટાડીને ૩૦ ટકા કરવામાં આવે તેવી પત્રમાં રજુઆત કરવામાં આવી છે. જસુભાઈ રાઠવા એ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ઉદ્દેશીને લખેલા પત્રમાં વર્ગ- ૩ ની તમામ ભરતીઓમાં અનુચ્છેદ ૩૩૫ ની જોગવાઈનો ઉપયોગ કરી એસટી / એસસી કેટેગરીના ઉમેદવારો માટે લાયકાત ધોરણ ૪૦ ટકામાં ૧૦ ટકાની છુટછાટ આપવા બાબતે રજુઆત કરી છે. તેમણે વધુમાં લખ્યુ છે કે હાલમાં પોલીસ ભરતીનુ જે પરીણામ આવ્યુ છે. તેમાં તેમજ વર્ગ-૩ ની અન્ય તમામ ભરતીઓમાં અનુચ્છેદ ૩૩૫ ની જોગવાઈનો ઉપયોગ કરી એસટી / એસસી કેટેગરીના ઉમેદવારો માટે લાયકાત ધોરણમાં ભારત સરકારનુ ભરતી બોર્ડ એસએસસી જેવી મહત્વની પરીક્ષાઓ જેમ કે એસએસી, સીએચએસએલ અને સીજીઆઈ વગેરેની પરીક્ષામાં જનરલ માટે મીનીમમ માર્કસ ૩૦ ટકા છે.

આ સિવાય ઈડબલ્યુએસ અને ઓબીસી માટે ૫ ટકાની છુટછાટ આપી ૨૫ ટકા કરવામાં આવી છે જેથી ગુજરાત સરકાર દ્વારા પણ ભારત સરકારની જેમ પોલીસ કોન્સ્ટેબલ, સીસીઈ માં તેમજ આવનાર રેવન્યુ તલાટી તેમજ વર્ગ-૩ ની અન્ય તમામ ભરતીઓમાં એસટી / એસસી કેટેગરીના ઉમેદવારોને ૧૦ ટકા છુટછાટ આપવામાં આવે એવી ખાસ ભલામણ કરી છે. જસુભાઈ રાઠવા દ્વારા મુખ્યમંત્રીને પત્ર દ્વારા એસસી / એસટી ઉમેદવારોના હિત માટે સરકાર સમક્ષ મહત્વની માંગણી કરવામાં આવી છે. જે આગામી સમયમાં રાજયના હજારો થી વધુ વિદ્યાર્થીઓને લાભ પહોચાડી શકે છે.

# વિશ્વામિત્રી નદીમાં પૂરની સ્થિતિ, કોટેશ્વર ગામ સંપર્ક વિહોણું

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

આજવા સરોવરના ઉપવાસમાં છેલ્લા બે દિવસથી સતત થઈ રહેલા અવિરત વરસાદના કારણે અહીં ડેમની સપાટીમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે. જેના કારણે ગઈકાલ સવારે ૯ વાગ્યાથી ડેમ ઓવરફ્લો થતાં એમાંથી પાણી વહી રહ્યું છે અને તે વિશ્વામિત્રી નદીમાં આવતા નદીની સપાટી વધીને આજે ૧૮ ફુટે પહોંચી છે. બીજી તરફ વિશ્વામિત્રી નદીના કિનારે આવેલ કોટેશ્વર ગામ સંપર્ક વિહોણું બન્યું છે. સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતા પાલિકા અને પોલીસ તંત્ર એક્શનમાં આવીને લોકોની સુરક્ષાને ધ્યાનમાં લઈ રહીશોનું સ્થળાંતર કરવાનું શરૂ કરાવ્યું છે.

શહેર માટે પીવાના પાણીનો સૌથી મહત્વનો સ્ત્રોત એવા આજવા સરોવરના ઉપરવાસમાં ૪૮ કલાકથી સતત વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા યેલો એલર્ટની આગાહી સાથે આજવાના ઉપરવાસ હાલોલ, કાલોલ ગોધરા સહિત પંચમહાલના વિવિધ વિસ્તારોમાં થઈ રહેલ વરસાદના કારણે આજવા સરોવરમાં સતત પાણી આવી રહ્યું છે. જેને કારણે આજવા સરોવરની સપાટી ખૂબ ઝડપથી વધી ગઈ હતી. ગઈકાલે સવારે ૯ વાગે આજવા સરોવરમાંથી પાણી ઓવરફ્લો થવાનું શરૂ થાય બાદ હજુ આજે પણ આજવા સરોવરમાંથી પાણી ગયું છે. આ લખાઈ રહ્યું છે ત્યારે હાલ આજવા સરોવરની સપાટી ૨૧૩ ફૂટ જણાઈ રહી છે. જેમાં સતત ધીમો ઘટાડો જોવા મળી રહ્યો છે. આજવા સરોવરથી સતત પાણી છોડાતા વિશ્વામિત્રી નદીમાં પાણીની આવક વધી રહી છે. જેના કારણે વિશ્વામિત્રી નદીની સપાટીમાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આજે વિશ્વામિત્રી નદીની સપાટી સવારે ૧૮ ફૂટ થઈ હતી. તો બીજી તરફ હાલ વરસાદ અટકતા ઘણી રાહત થઈ છે. આ લખાઈ રહ્યું છે ત્યારે હજુ તંત્ર દ્વારા એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે કે, વિશ્વામિત્રી નદીની સપાટી વધીને હજુ ૨૦ ફૂટ સુધી પહોંચી શકે છે! જો કે ગઈકાલે મોડી રાત્રે થયેલ મુશળધાર વરસાદી ઝાપટા બાદ વરસાદ સતત ધીમો અથવા બંધ રહેતા હાલ વિશ્વામિત્રી નદીની સપાટી ન વધવા બાબતે એક મોટી રાહત ગણી શકાય છે.વિશ્વામિત્રીની નદીની સપાટી જે રીતે વધી છે તેના કારણે નદીના કાંઠે આવેલ શહેરના છેવાડાનું કોટેશ્વર ગામ સંપર્ક વિહોણું થયું છે.

# અંજારમાં જાહેરમાં હેરોઈનનું વેચાણ કરતો પંજાબનો શખ્સ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છમાં નશીલા પદાર્થોની હેરાફેરી અને વેચાણનું નેટવર્ક પકડવા માટે પૂર્વ કચ્છ SOG પોલીસ દ્વારા સતત કવાયત હાથ ધરવામાં આવી રહી છે. આ કવાયત અંતર્ગત પોલીસે અંજાર તાલુકાના વરસામેડી ગામમાંથી ૨૦ લાખથી વધુની કિંમતના હેરોઈન(ડ્રગ્સ) સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પૂર્વ કચ્છ SOG પોલીસને મળેલી બાતમીના આધારે વરસામેડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે ચોક્કસ માહિતીના આધારે આરોપી નિર્મલસિંઘ સોહનસિંઘના રહેઠાણની તલાશી લીધી હતી.આ કાર્યવાહી દરમિયાન પોલીસે તેના ઘરમાંથી એક સોફાના ગાદલા નીચે છુપાવેલું હેરોઈન(ડ્રગ્સ) મળી આવ્યું હતું. આ ડ્રગ્સની તપાસ કરતા તે ૪૧.૪૫ ગ્રામ હેરોઈન હોવાનું બહાર આવ્યું છે. જેની બજાર કિંમત આશરે રૂપિયા ૨૦.૭૨ લાખ આંકવામાં આવી છે. પોલીસે આરોપી નિર્મલસિંઘ સોહનસિંઘની ધરપકડ કરી છે. આ આરોપી પંજાબનો રહેવાસી છે. તેની પાસેથી હેરોઈન ઉપરાંત અન્ય મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને ક્યાં વેચવામાં આવવાનું હતું તે અંગે પોલીસે સઘન પૂછપરછ શરૂ કરી છે.આ મામલામાં અન્ય આરોપીઓની પણ સંડોવણી હોવાની શક્યતા છે. પોલીસે આ ઘટના અંગે નિર્મલસિંઘ અને અન્ય એક અજાણ્યા આરોપી સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.